આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

જેના હૃદયમાં પરોપકારની ભાવના છે એને મુશ્કેલી પડવાની શક્યતા નહીવત છે
- ચાણક્ય

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૯ | ૨૨ નવેમ્બર, ૨૦૧૪, શનિવાર ; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ જગાવો

ચાંદખેડાની વિસતમાતા પ્રાથમિક શાળાના બાળકોનું મૂલ્યાંકન કરતાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ : માત્ર પુસ્તકિયા જ્ઞાન નહિ પણ ગુણવત્તાસભર શિક્ષણ માટે મુખ્યમંત્રીનો આગ્રહ : અધિકારીઓએ મધ્યાહન ભોજન યોજનાનું ભોજન માણ્યું

ગાંધીનગર, તા. ૨૧

પ્રાથમિક શાળાના બાળકને શિક્ષણની સાથે સાથે જિજ્ઞાસાવૃત્તિ વધુ ને વધુ કેળવવા પર આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ભાર મુક્યો હતો.

ચાંદખેડાની વિસતમાતા પ્રા. શાળાના શિક્ષકગણ સાથે મૂલ્યાંકન બાદ બેઠક કરતાં શિક્ષકોને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે બાળપણમાં જ બાળકો સારૂ ભણવા અને સારા સ્વપ્ન જોતા થાય તે જોવાની ફરજ શિક્ષકની છે. તેમણે બાળકને માત્ર પુસ્તકિયા જ્ઞાન નહિ પણ સફળતા કેવી રીતે મળે છે તેના ઉદાહરણરૂપ વ્યક્તીઓ સાથે મુલાકાતો અને પ્રવચનો યોજવા જોઈએ.

તેમણે બાળકમાં કુતુહૂલતા વધે અને જિજ્ઞાસાવૃત્તિ ખીલવવાનું કામ પ્રાથમિક શિક્ષક જ કરી શકે આ આપણી નૈતિક જવાબદારી છે તે ભુલવુ જોઈએ નહિ.

મુખ્યમંત્રીશ્રીએ સ્કૂલના દરેક વર્ગખંડની મુલાકાત

● અનુસંધાન પાન-૭ પર

ગુણોત્સવને લઈ શાળાનો સમય બદલાયો

ગાંધીનગર, તા.૨૧

જિલ્લામાં ચાલી રહેલા ગુણોત્સવને પગલે આજે શાળાઓનો સમય ૧૦.૩૦ થી ૫.૧૦ સુધીનો રહેશે. ગુણોત્સવ માટે શાળાઓના સમયમાં ફેરફાર કરવાના આદેશો શિક્ષણ તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે. સામાન્યતઃ શનિવારે સવારની શાળા રહેતી હોય છે.

સ્વર્ણિમ પાર્કની વોટરબોડીમાં હવે જરુરી મશીનરી ફીટ થશે

નવા પમ્પીંગ મશીન આવી ગયા છે : ટૂંકમાં કામ પૂર્ણ કરાશે

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર, તા. ૨૧

શહેરના હાર્દસમા વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કને નિખારવા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મહીનાના અંત સુધીમાં સ્વર્ણિમ પાર્કનું કામ પૂર્ણ કરી દેવાશે. જયારે હાલ વોટરબોડી તૈયાર થઈ રહી છે. જેને અનુલક્ષી નવા પમ્પીંગ મશીન પણ આવી ગયા છે. ટૂંકમાં જ વોટરબોડી માટે જરુરી મશીનરી ફીટ કરવાનું કામ હાથ ધરાશે.

સ્વર્ણિમ પાર્કને નિખારવાનું કામ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે. હાલ ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં પાર્કને આખરી ઓપ આપવા તડામાર કામ ચાલી રહ્યું છે. આ વિસ્તારમાં વિવિધ પ્રકારના પ્લાઝા, ગાર્ડન, પ્લાન્ટેશન

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરના ચાર સર્કલો વાયબ્રન્ટ પૂર્વે મહાનગરપાલિકા દ્વારા વિકસાવાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં યોજાનાર વાયબ્રન્ટ સમિટ પૂર્વે મહાનગરપાલિકા ચાર મહત્વના સર્કલો વિકસાવશે તેમજ સફાઈ અભિયાન માટે રૂ. ૨.૫૮ કરોડના નવા સાધનો પણ ખરીદશે.

આગામી સોમવારે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં સફાઈના નવા સાધનો ખરીદવા માટેનો નિર્ણય લેવામાં આવશે. તાજેતરમાં જ સફાઈ અભિયાન માટે ૫૦ જેટલા નવા રોજમદારોની નિયુક્તિ માટે કમિશનરને સત્તાઓ આપવામાં આવી હતી. જે ઉલ્લેખનીય છે.

પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાને સાત સર્કલો વિકસાવવા માટેની સત્તાઓ સોંપવામાં આવી છે અને આ સર્કલોની ફાળવણી પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે વાયબ્રન્ટ સમિટ પૂર્વે મહાનગરપાલિકાએ પ્રથમ તબક્કામાં ચાર સર્કલો ખ-૩, ખ-૫, ખ-૬ અને ચ-૨ સર્કલને વિકસાવવાનો નિર્ણય કર્યો છે. આ માગેના નકશા - અંદાજો પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જે આ સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં રજૂ કરવામાં આવશે.

પર્યાવરણ સુરક્ષા સંશાધનોનું સન્માન કરીએ : આનંદીબેન પટેલ

ગાંધીનગરમાં પ્રિ-વાયબ્રન્ટ પરિસંવાદનું આયોજન : પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના મોબાઇલ એપ્સનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોન્ચિંગ

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રદૂષણમુક્તિ અને પર્યાવરણ સુરક્ષામાટે સંશાધનોનું રિસ્પેક્ટ જાળવવાની સમાજ સમસ્તને અપીલ કરી છે. આ સંશાધનોનું શોષણ નહીં દોહન કરીને જ આપણે વેસ્ટ મેનેજમેન્ટથી પર્યાવરણ સુરક્ષા માટેના ચાર આધાર ફોર-આર સ્થંભ રીડ્યુસ, રિ-સાયકલ, રી-યુઝ અને રિકવર સાથે રિસ્પેક્ટ (કુદરતી સંસાધનો)નું સમ્માન જોડીને સાતત્યપૂર્ણ વિકાસ કરવો છે તેવી નેમ તેમણે દર્શાવી છે. મુખ્યમંત્રીએ મહાત્મા મંદિરમાં કેન્દ્ર રાજ્યના વન પર્યાવરણ વિભાગ અને સીઆઈઆઈ ગુજરાત દ્વારા સહ આયોજિત વેસ્ટટેક આંતરરાષ્ટ્રીય પરિસંવાદ અને પ્રદર્શનીનો પ્રારંભ કરાવ્યો હતો. આનંદીબેન ગુજરાત ઔદ્યોગિક વિકાસ સહિત સમગ્રતયા વિકાસનું અગ્રીમ રાજ્ય બન્યું છે તે સંદર્ભમાં ઉદ્યોગો અને પર્યાવરણ ક્ષેત્ર બેયને સમાન મહત્વ આપતી બહુવિધ ટેકનોલોજી, નવીન પદ્ધતિઓ અને સંશોધનો માટેની આ સમિટ અને પ્રદર્શની સ્વચ્છ ભારતના પ્રધાનમંત્રીના અભિયાનને પુરક બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઔદ્યોગિકરણ આપત્તિ બન્યું નથી કેમ કે, ઉદ્યોગોના પ્રદૂષિત પાણી અને દન કચરાના નિકાલ માટેની અદ્યતન ટેકનોલોજી, એફલ્યુઅન્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, ટ્રીટમેન્ટ સ્ટોરેજ એન્ડ ડીસ્પોઝલ ફેસિલીટીમાં ગુજરાતે ઉદ્યોગ ગૃહો-વસાહતોની રાજ્ય સરકાર સાથેની સહભાગીતાથી

● અનુસંધાન પાન-૭ પર

કલોલમાં કમળાના છ કેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચકતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે. કલોલ શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં છ જેટલા કમળાના કેસ દેખાયા છે. જેને પગલે કલોલ શહેરના પૂર્વ વિસ્તારમાં તંત્રએ સર્વેલન્સની કામગીરી શરૂ કરી દીધી છે.

કલોલ શહેરમાં કમળાના આજે ત્રણ કેસ મળ્યા હતા અને છેલ્લા બે દિવસમાં ત્રણ કેસ નોંધાયા હતા. કમળાના છ જેટલા કેસ મળતાં જ આરોગ્ય તંત્રએ તાત્કાલિક ચીફ ઓફિસરને પત્ર પાઠવી અને શહેરના પાણી પુરવઠામાં ક્લોરીનેશન વધારવા માટે તાકીદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ કેટલાક સ્થાનોએથી પાણીના નમુના લઈ અને ચકાસણી માટે પણ મોકલ્યા છે.

અત્યારે જે રીતે પાણીજન્ય રોગચાળો દેખાયો છે તેનાથી આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે અને કાલે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની ટીમ કલોલ શહેરની સ્થિતિના અભ્યાસ માટે જશે તેમ જાણવા મળેલ છે.

જો કે આરોગ્યતંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. પાણીજન્ય રોગચાળાના કેસો નોંધાયા છે તે અંગે તપાસ થશે. હાલ લોકોને પાણી ઉકાળીને પીવાની સાથે ક્લોરીનની ટીકડીઓનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

એજન્ટ નિમવાના છે

અભ્યાસ : ધો.૧૦ પાસથી ગ્રેજ્યુએટ
પાર્ટ ટાઈમ કામ કરી કમાવો
અરજી સાથે રૂબરૂ મળો દિન-૭માં

સંજીવની ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી

બી-૧૬, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, જલધારા સુપર માર્કેટની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર

બેસણું

અમારા પરમપૂજ્ય પિતાશ્રી કનુભાઈ પ્રહલાદભાઈ પટેલ (રાંધેજા નિવાસી) તા. ૧૮-૧૧-૨૦૧૪ ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂં. સદ્‌ગતનું બેસણું તા.૨૩-૧૧-૨૦૧૪ ને રવિવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : જાગેશ્વર મહાદેવની વાડી, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર.

સ્વ. સંપાબેન કનુભાઈ પટેલ (નિવૃત આચાર્ય)
મેહુલ કનુભાઈ પટેલ, એડવોકેટ (પુત્ર)
જીગર કનુભાઈ પટેલ (પુત્ર)
ભૂમીકા આશિષકુમાર પટેલ (પુત્રી)
વિક્રમભાઈ મફતલાલ પટેલ (ભત્રીજા)

સમસ્ત કમુબા પ્રહલાદભાઈ પરિવાર

મફતલાલ પ્રહલાદભાઈ પટેલ (ભાઈ)
વિનુભાઈ પ્રહલાદભાઈ પટેલ (ભાઈ)
બળદેવભાઈ પ્રહલાદભાઈ પટેલ (ભાઈ)
વિષ્ણુભાઈ કાંતીભાઈ પટેલ (ભત્રીજા)
ઘનશ્યામભાઈ નાનુભાઈ પટેલ (ભત્રીજા)

સાસરી પક્ષ (માયાસુર) નું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

સ્વ.અમરતભાઈ ગોવિંદલાલ પટેલ | કાંતિભાઈ ગોવિંદલાલ પટેલ | શંભુભાઈ ગોવિંદલાલ પટેલ

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

ZOOM INTO A WHOLE NEW REALITY WITH ARIP
અરેના એનીમેશન ઈન્ટરનેશનલ પ્રોગ્રામ
ગ્રાફીક ડિઝાઈનીંગ • 2D એનીમેશન • 3D એનીમેશન • ડિઝીટલ VFX
પ્રોજેક્શન મેપીંગ • Augmented Reality & a lot more !
ડ્યુઅલ સર્ટીફીકેશન અરેના + એડોબ
• ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં ભાષામાં ભણતર.
• રહેવાની - જમવાની ઉત્તમ સગવડ. • રવિવારે ચાલુ
• C.G.Road : 98240 33133, 2nd Fl, Agrawal Avenue, Opp. BSNL, Navrangpura, A'bad.
• Maninagar : 9998810040, 2nd Fl, H.J.House, Opp. Rambaug Police Station, A'bad.
ARENA ANIMATION

ગુજરાત સરકારમાં સીધી ભરતી!
PSI-ASI
પોલીસ કોન્સટેબલ
1994 થી સર્વાધિક પરીક્ષાર્થીઓના ક્ષેત્રમાં કાર્યરત...
નવી બેચ શરૂ થાય છે... માત્ર ગાંધીનગર માટે

PSI (પી.એસ.આઈ.)		
04.12.2014	સવારના 7-00 થી 9-00	સોમ થી શુક્ર
11.12.2014	સવારના 9-15 થી 11-15	સોમ થી શુક્ર

ASI (કોન્સટેબલ)		
04.12.2014	સાંજના 4-00 થી 6-00	સોમ થી શુક્ર
07.12.2014	બપોરના 3-00 થી 6-00	શનિ/રવિ

ફી ₹ 18,000/- (PSI) સંપૂર્ણ સાહિત્ય FREE
ફી ₹ 14,000/- (ASI) કોન્સટેબલ
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 9537614607
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A.

સ્પેશ્યલ ઓફર
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/- પ્રતિ ગ્રામ
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
(શેરથાવાળા) N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

એવન ગ્રૂપ - દહેગામ ગાંધીનગર
AONE GROUP
હવે આપના શહેર તેમજ ગ્રામ્યવિસ્તાર માટે અમો આપની જરૂરીયાત મુજબ ફાઈનાન્સ ની સુવિધા
મોર્ગેજ લોન
હોમ લોન | ૨/૪ વ્હીલર લોન | પર્સનલ લોન
મો:- ૯૮૨૪૦ ૦૯૬૬૬ ૯૯૨૪૧ ૧૨૪૪૮
૩૮, પહેલેમાળ, અશ્વમેધ કોમ્પલેક્ષ, જી.આઈ.ડી.સી. સામે, દહેગામ, જિ.ગાંધીનગર

Grand Opening Tomorrow
23rd November, 2014
NIRMAN GREENS
green space... dream space...
2BHK BUNGALOWS & SHOPS
શોપ્સ | બંગ્લોઝ
અદ્યતન બાંધકામ • મનમોહક સુવિધાઓ • એનએ, એનઓસી • ટાઈટલ ક્લીયર • લોન પેપર્સ ઉપલબ્ધ
NIRMAN since 1975
સાઈટ : કતપુર ટોલનાકા પાસે, ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે, પ્રાંતિજ.
સંપર્ક : પ્રશાંત શાહ - ૦૯૯૭૯૮ ૫૫૭૦૧ । ચેતન શાહ - ૦૯૮૨૫૩ ૨૪૫૮૦ । પ્રતિકસિંહ વાઘેલા - ૦૯૭૧૨૯ ૭૬૭૦૧